**તા.૨૫/૦૨/૨૦૨૨**

પેટલાદ નગરપાલિકાની ખાસ સામાન્ય સભાની બેઠક આજ તા.૨૫/૦૨/૨૦૨૨ ને શુક્રવારનાં રોજ બપોરનાં ૦૪=૦૦ કલાકે વર્તમાન કોરોના વાયરસનાં સંક્રમણને ધ્યાને લઇ તેની ગાઇડ લાઇનને અનુલક્ષીને પેટલાદ નગરપાલિકા કાર્યાલયના સભાગૃહમાં સોસીયલ ડીસ્ટન્સ જળવાય તે રીતે બેઠક વ્યવસ્થા સાથે મળી જેમાં નિયત કરેલ તારીખ અને સમયે નીચે જણાવેલ સભ્યશ્રીઓ હાજર રહ્યાં હતાં.

| | | |
|---|---|---|
| (૧) | શ્રીમતિ ગીતાબેન એ. પટેલ | પ્રમુખશ્રી |
| (૨) | શ્રી નરેશકુમાર આર. તળપદા | સભ્યશ્રી |
| (૩) | શ્રીમતિ મનિષાબેન એમ. ચૌહાણ | ” |
| (૪) | શ્રી પ્રવિણભાઇ કે. પરમાર | ” |
| (૫) | શ્રી રમેશભાઇ આર. પરમાર | ” |
| (૬) | શ્રીમતિ ગીતાબેન જે. પરમાર | ” |
| (૭) | શ્રી જય ભરતભાઇ પટેલ | ” |
| (૮) | શ્રી રીફાકતખાન એમ. પઠાણ | ” |
| (૯) | શ્રી જલ્પાબેન બી. શાહ | ” |
| (૧૦) | શ્રીમતિ દિપાલીબેન એચ. શાહ | ” |
| (૧૧) | શ્રી કેતનકુમાર સી. ગાંધી | ” |
| (૧૨) | શ્રી જીજ્ઞેશકુમાર એ. જોશી | ” |
| (૧૩) | કાજલ કાશકુમાર પટેલ | ” |
| (૧૪) | શ્રીમતિ ધરતીબેન જે. પટેલ | ” |
| (૧૫) | શ્રી સુનિલકુમાર એસ. પટેલ | ” |
| (૧૬) | શ્રી અશ્વિનકુમાર આર. કાછીઆ | ” |
| (૧૭) | શ્રી સાજીદભાઇ એમ. વ્હોરા | ” |
| (૧૮) | શ્રી ગુલામદસ્તગીર એન. વ્હોરા | ” |
| (૧૯) | શ્રીમતિ નીદાબાનુ વિ. મીરઝા | ” |

આમ, ઉપર જણાવ્યા મુજબનાં સભ્યશ્રીઓની હાજરીથી આજની ખાસ બેઠકનું જરૂરી કોરમ થતું હોવાથી આજની બેઠકનું કામકાજ શરૂ કરવામાં આવ્યું. માનનીય પ્રમુખશ્રીએ સભાનું અધ્યક્ષ સ્થાન લેતાં બેઠકની કાર્યવાહી શરૂ કરવા અધ્યક્ષશ્રીએ આદેશ કર્યો.

માનનીય અધ્યક્ષશ્રીની આજ્ઞાનુસાર બેઠકની કાર્યવાહી શરૂ કરતાં માનનીય અધ્યક્ષ સ્થાનેથી રજૂ નીચે જણાવેલ જરૂરી વિષય તરીકેનું કામ વંચાણમાં લીધું.

* <u>જરૂરી વિષયનાં કામ</u> :-

(૧) મ્યુનિ. સભ્ય શ્રીમતિ ભૌમિબેન પી. કાછીઆ, શ્રી ભાવિન એમ. પટેલ, શ્રી અસ્લમબેગ એ. મીરઝા, શ્રીમતિ દક્ષાબેન એમ. મકવાણા, શ્રીમતિ રૂકસાર એ. મીરઝા, શ્રીમતિ અનીશાબાનુ એમ. પઠાણ, શ્રીમતિ નિરલબેન પી. તળપદા, શ્રી આરીફખાન જે. પઠાણ તથા શ્રીમતિ બિસ્મીલ્લાબીબી એમ. કાજી નાં આવેલ રજાનાં રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

ઉપર જણાવ્યા મુજબનાં જરૂરી વિષય તરીકેનું કામ સભાગૃહમાં વંચાણમાં લેતાં તેને સર્વાનુમતે ગ્રાહ્ય રાખી તેને બહાલી આપવા ઠરાવવામાં આવ્યું..

ત્યારબાદ આજની સભાનાં એજન્ડા ઉપરનાં કામ તેની કાર્યસૂચિનાં ક્રમાનુસાર હાથ ધરવામાં આવ્યાં.

**કામ નં. (૧) :** મે. કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ એડમિનિસ્ટ્રેશનની કચેરી, ગાંધીનગર દ્વારા ગુજરાત રાજયની નગરપાલિકાઓમાં કરવેરા વસુલાત હેઠળ આઝાદી કા અમૃત મહોત્સવ પ્રોત્સાહક વળતર યોજના દાખલ કરવા બાબતે તા.૧૯/૦૨/૨૦૨૨ થી પરિપત્ર પાઠવી જણાવેલ છે. તે આધારે આ યોજનાનો અમલ પેટલાદ નગરપાલિકામાં કરવા બાબત.

**ઠરાવ નં. ૯૬ / તા.૨૫/૦૨/૨૨**

મ્યુનિ. સભ્ય શ્રી જીજ્ઞેશકુમાર એ. જોષી, શ્રી અશ્વિનકુમાર આર. કાછીઆનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તા વાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

સરકારશ્રીનાં મે.કમિશ્નરશ્રી, મ્યુનિસિપાલિટી એડમિનિસ્ટ્રેશન ની કચેરી, ગાંધીનગર દ્વારા ગુજરાત રાજયની નગરપાલિકાઓમાં કરવેરા વસુલાત હેઠળ આઝાદી કા અમૃત મહોત્સવ પ્રોત્સાહક વળતર યોજના દાખલ કરવા બાબતે તા.૧૯/૦૨/૨૦૨૨ થી પરિપત્ર પાઠવી જણાવેલ છે. તે આધારે આ યોજનાનો અમલ પેટલાદ નગરપાલિકામાં કરવા બાબતનું આવેલ કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં રાજય સરકારશ્રી દ્વારા સીગલ ફાઇલમાં તા.૧૮/૦૨/૨૦૨૨ થી આપેલ મંજુરી આધારે મે.કમિશ્નરશ્રી, મ્યુનિસિપાલિટી એડમિનિસ્ટ્રેશન ની કચેરી, ગાંધીનગરનાં પરિપત્ર ક્રમાંકઃ કમિ.મ્યુનિ. / ન.પા.વ.ટ. / પ્રો.વ.યો. / ૨૦૨૨ /૧૪૨૧ તા.૧૯/૦૨/૨૦૨૨ થી ગુજરાત રાજયની નગરપાલિકાઓમાં કરવેરા વસુલાત હેઠળ "આઝાદી કા અમૃત મહોત્સવ પ્રોત્સાહક વળતર યોજના" દાખલ કરવા અંગે પરિપત્ર પાઠવી જણાવેલ છે. તે આધારે પરિપત્રમાં જણાવેલ શરતોને આધિન આ યોજનાનો અમલ પેટલાદ નગરપાલિકામાં કરવા ઠરાવવામાં આવે છે તથા ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ ની કલમ ૨૭૧ હેઠળનાં નિયમો તૈયાર કરવાનાં થતાં હોઇ આ નિયમો તૈયાર કરવા તથા તેનાં આનુસાંગિક જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવાની સત્તા મે.ચીફ ઓફિઅરશ્રીને અને માનનીય પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**જ.વિ. (૧) : કામ નં.** મ્યુનિ. સભ્ય શ્રીમતિ ભૌમિબેન પી. કાછીઆ, શ્રી ભાવિન એમ. પટેલ, શ્રી અસ્લમબેગ એ. મીરઝા, શ્રીમતિ દક્ષાબેન એમ. મકવાણા, શ્રીમતિ રૂકસાર એ. મીરઝા, શ્રીમતિ અનીશાબાનુ એમ. પઠાણ, શ્રીમતિ નિરલબેન પી. તળપદા, શ્રી આરીફખાન જે. પઠાણ તથા શ્રીમતિ બિસ્મીલ્લાબીબી એમ. કાજી નાં આવેલ રજાનાં રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૯૭ / તા.૨૫/૦૨/૨૨**

સર્વાનુમતે ઠરાવ કર્યો કે,મ્યુનિ. સભ્ય શ્રીમતિ ભૌમિબેન પી. કાછીઆ, શ્રી ભાવિન એમ. પટેલ, શ્રી અસ્લમબેગ એ. મીરઝા, શ્રીમતિ દક્ષાબેન એમ. મકવાણા, શ્રીમતિ રૂકસાર એ. મીરઝા, શ્રીમતિ અનીશાબાનુ એમ. પઠાણ, શ્રીમતિ નિરલબેન પી. તળપદા, શ્રી આરીફખાન જે. પઠાણ તથા શ્રીમતિ બિસ્મીલ્લાબીબી એમ. કાજી નાં આવેલ રજાનાં રીપોર્ટ વંચાણમાં લેતાં તેને સર્વાનુમતે મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

ઉપર જણાવ્યા મુજબનાં કામો પૂર્ણ કરી તે સિવાય અન્ય કોઇ કામ ન હોવાથી આજની ખાસ સામાન્ય સભામાં ઉપસ્થિત સર્વેનો આભાર માની આજની બેઠકની કાર્યવાહી પૂર્ણ થયા અંગેની અધ્યક્ષશ્રીએ જાહેરાત કરી.

સહી/-
(શ્રીમતિ ગીતાબેન એ. પટેલ)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોંધઃ- ૧). અહીં દર્શાવેલ વિગતો ફકત આપના જાણ માટે જ છે. જેને સત્તાCવાર નકલ તરીકે ગણવામાં આવશે. નહિ.
૨). આ વિગતો અંગે કોઈપણ વધારાની માહિતી મેળવવી હોઇ તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.